**અસ્વીકરણ:** સ્થાનિક ભાષામાં અનુવાદિત આ ચુકાદા/હુકમનો હેતુ પક્ષકારોને તેમની ભાષામાં જાણકારી ઉપલબ્ધ કરાવવા માત્રનો છે અને તેનો અન્યથા ઉપયોગ થઇ શકશે નહિ. અન્ય તમામ વ્યવહારિક તેમજ સરકારી ઉદ્દેશો માટે મૂળ અંગ્રેજી ચુકાદો/હુકમ જ પ્રમાણિત અને માન્ય રહેશે.

**DISCLAIMER:** The translated judgement in vernacular language is meant for the restricted use of the litigant to understand it in his/her language and may not be used for any other purpose. For all practical and official purposes, the English version of the judgement shall be authentic and shall hold the field for the purpose of execution and implementation.
==========================================================

## ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે

## ટેક્સ અપીલ નં. ૯૫૨/૨૦૧૭

મંજૂરી અને સહી માટે:

**માનનીય ન્યાયમૂર્તી સુશ્રી હર્ષા દેવાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તી સુશ્રી સંગીતા કે. વિશેન**

|૧| શું સ્થાનિક સમાચારપત્રોના પત્રકારોને ચુકાદો જોવાની મંજૂરી આપી શકાય?

| હા |

|૨| રિપોર્ટરને મોકલવામાં આવે કે નહીં? |હા|

| ૩ | શું માનનીય ન્યાયમૂર્તીઓ ચુકાદાની અંતિમ નકલ જોવા માગે છે? |ના|

|૪| શું આ કેસમાં ભારતના બંધારણ અથવા તે હેઠળ કરવામાં આવેલા કોઈ હુકમના અર્થઘટન અંગેનો કાયદાનો કોઈ મહત્વનો પ્રશ્ન સમાવિષ્ટ છે? |ના|

==========================================================

**અર્શિલ એન્ટરપ્રાઇઝ .... અપીલકર્તા(ઓ)**

**વિરુદ્ધ**

**સ્ટેટ ઓફ ગુજરાત .... સામાવાળા(ઓ)**

==========================================================

ઉપસ્થિતિ:

અપીલકર્તા(ઓ) નં. ૧ તરફે વકીલ શ્રી ઉચિત એન. શેઠ (૭૩૩૬)

સામાવાળા(ઓ) નં. ૧ તરફે આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડર/પી.પી. સુશ્રી મૈથિલી મહેતા (૯૯)

કોરમ: **માનનીય ન્યાયમૂર્તી સુશ્રી હર્ષા દેવાણી**

**અને**

**માનનીય ન્યાયમૂર્તી સુશ્રી સંગીતા કે. વિશેન**

**તારીખ: ૧૧/૧૨/૨૦૧૯**

**મૌખિક ચુકાદો**

**(માનનીય ન્યાયમૂર્તી સુશ્રી હર્ષા દેવાણી દ્વારા)**

૧.		ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩ ની કલમ ૭૮ હેઠળની આ અપીલ દ્વારા, અપીલકર્તાએ ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ટ્રિબ્યુનલ (જે હવે પછી "ટ્રિબ્યુનલ" તરીકે ઉલ્લેખિત છે) દ્વારા સેકન્ડ અપીલ નં. ૧૩/૨૦૧૭ માં પસાર કરવામાં આવેલ હુકમ તારીખ ૧૬.૮.૨૦૧૭ ને પડકાર્યો છે જેના દ્વારા અપીલ ફગાવી દેવામાં આવી છે.

૨.		અપીલ દાખલ કરતી વખતે, આ કોર્ટે તેના તારીખ ૨૪.૧૧.૨૦૧૭ ના હુકમ દ્વારા કાયદાના નીચેના ત્રણ મહત્વના પ્રશ્નો ઘડ્યા હતા:-

"(૧) કેસની હકીકતો અને સંજોગોમાં, શું અપીલકર્તાના નોંધણી પ્રમાણપત્રને શરૂઆતથી જ રદ કરવાના હુકમને કન્ફર્મ કરવામાં ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ટ્રિબ્યુનલનું પગલું વાજબી હતું?

(૨) સ્ટેટ ઓફ ગુજરાત વિ. નાગેશી એન્ટરપ્રાઇઝ, (૨૦૧૭) ૧૦૪ વી.એસ.ટી. ૨૦૪ (ગુજરાત) ના કેસમાં આ કોર્ટનો ચુકાદો અપીલકર્તાની હકીકતોને લાગુ પડશે એવું ઠરાવવામાં શું ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ટ્રિબ્યુનલનું પગલું વાજબી હતું?

(૩) નોંધણી પ્રમાણપત્ર રદ કરવાના અસલ હુકમમાં જે આક્ષેપો અને આધારો દર્શાવવામાં આવ્યા ન હોય કે સાબિત થયા ન હોય,

તેના આધારે અપીલકર્તાનું નોંધણી પ્રમાણપત્ર રદ કરવાના પ્રથમ એપેલેટ ઓથોરિટીના હુકમને કન્ફર્મ કરવામાં શું ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ ટ્રિબ્યુનલનું પગલું વાજબી હતું?"

૩. હકીકતો ટૂંકમાં એવી છે કે, અપીલકર્તા જૂના મશીનરીના સ્પેરપાર્ટ્સ અને મેટલ સ્ક્રેપના વેપારના વ્યવસાય સાથે સંકળાયેલ હતો અને ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ એક્ટ, ૨૦૦૩ (જે હવે પછી "જીવેટ એક્ટ" તરીકે ઉલ્લેખિત છે) તેમજ સેન્ટ્રલ સેલ્સ ટેક્સ એક્ટ, ૧૯૫૬ હેઠળ યોગ્ય રીતે નોંધાયેલ હતો. ૩.૧૦.૨૦૧૩ ના રોજ અપીલકર્તાની જગ્યાઓ પર સર્ચની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. સર્ચની કાર્યવાહી દરમિયાન, એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અપીલકર્તાએ વર્ષ ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨ દરમિયાન એવા ડીલરો પાસેથી ખરીદી કરી હતી જેઓ બિલિંગ પ્રવૃત્તિઓમાં સંકળાયેલા હતા અને તેથી, સંબંધિત અધિકારીઓનો એવો અભિપ્રાય હતો કે આવી ખરીદીના સંબંધમાં અપીલકર્તા દ્વારા દાવો કરવામાં આવેલ ઇનપુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવાપાત્ર છે જેના પરિણામે જીવેટ એક્ટ હેઠળ ટેક્સ, વ્યાજ અને દંડની માંગણી ઊભી થશે.

૪. વિવાદિત ખરીદીના સંબંધમાં બંને વર્ષો માટે અપીલકર્તા સામે કામચલાઉ આકારણીની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. અપીલકર્તાએ

ખરીદીના સંબંધમાં ટેક્સ ઇન્વોઇસ, ટ્રાન્સપોર્ટ રસીદો અને બેંક સ્ટેટમેન્ટ સહિતના પુરાવા રજૂ કર્યા. અપીલકર્તાનો કેસ એવો છે કે કોમર્શિયલ ટેક્સ ઓફિસરે, જોકે, આવા પુરાવાઓને અવગણ્યા હતા અને વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માટે વ્યાજ અને દંડ સાથે ટેક્સ લાદવાની કાર્યવાહી આગળ ધપાવી હતી. સદર હુકમોમાં, કોમર્શિયલ ટેક્સ ઓફિસરે અવલોકન કર્યું કે તેઓ અપીલકર્તા દ્વારા ભવિષ્યમાં થનારી કોઈપણ કરચોરી સામે અવરોધરૂપ પગલાં તરીકે જીવેટ એક્ટ હેઠળ મહત્તમ દંડ લાદી રહ્યા છે.

૫. સદર હુકમ સામે, અપીલકર્તાએ ફર્સ્ટ અપીલ દાખલ કરી. જ્યાં સુધી વર્ષ ૨૦૧૧–૧૨ માટેની ફર્સ્ટ અપીલનો સંબંધ છે, પ્રથમ એપેલેટ ઓથોરિટી દ્વારા ટેક્સ અને વ્યાજની જવાબદારી કન્ફર્મ કરવામાં આવી હતી, જ્યારે દંડનો દર ૧૫૦% થી ઘટાડીને ૭૫% કરવામાં આવ્યો હતો. અપીલકર્તાએ ટ્રિબ્યુનલ સમક્ષ સેકન્ડ અપીલ દાખલ કરી. દરમિયાન, કોમર્શિયલ ટેક્સ ઓફિસરે ૩.૭.૨૦૧૫ ના રોજ અપીલકર્તાને વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માટે બાકી લેણાં જમા કરાવવા માટે નોટિસ જારી કરી. વર્ષ ૨૦૧૦–૧૧ માટે અપીલકર્તાની સેકન્ડ અપીલ ટ્રિબ્યુનલ સમક્ષ પડતર હોવાથી અને વર્ષ ૨૦૧૧–૧૨ માટેની ફર્સ્ટ અપીલ પ્રથમ એપેલેટ ઓથોરિટી સમક્ષ પડતર હોવાથી, અપીલકર્તાએ કોમર્શિયલ ટેક્સ ઓફિસરને અપીલના પરિણામની રાહ જોવા વિનંતી કરી.

૬.		વર્ષ ૨૦૧૦-૧૧ માટેની સેકન્ડ અપીલનો ટ્રિબ્યુનલ દ્ધારા તારીખ ૭.૧૦.૨૦૧૫ ના હુકમ દ્ધારા નિકાલ કરવામાં આવ્યો, જેના દ્ધારા ટ્રિબ્યુનલે, ટેક્સ અને વ્યાજની યોગ્યતામાં ઉતર્યા વિના, પ્રથમ એપેલેટ ઓથોરિટી દ્ધારા કન્ફર્મ કરાયેલા દંડને રદ કર્યો. વર્ષ ૨૦૧૦-૧૧ માટેની સેકન્ડ અપીલના નિકાલ પછી અને પ્રથમ એપેલેટ ઓથોરિટી સમક્ષ વર્ષ ૨૦૧૧-૧૨ માટેની ફર્સ્ટ અપીલ પડતર હોવા દરમિયાન, કોમર્શિયલ ટેક્સ ઓફિસરે ૧૭.૧૨.૨૦૧૫ ના રોજ ફોર્મ ૧૦૪ માં અપીલકર્તાને નોટિસ જારી કરી જેમાં અપીલકર્તાના નોંધણી પ્રમાણપત્રને એ આધાર પર રદ કરવાની દરખાસ્ત કરવામાં આવી કે તે વર્ષ ૨૦૧૧-૧૨ માટે બાકી લેણાં અને વર્ષ ૨૦૧૦-૧૧ માટે આંશિક લેણાં ચૂકવવામાં નિષ્ફળ રહ્યો હતો. અપીલકર્તાનો કેસ એવો છે કે નોટિસ અપીલકર્તાના ગોડાઉન પર બજાવવામાં આવી હતી અને અપીલકર્તાના માલિક બહારગામ હોવાથી આવી નોટિસનો તરત જ જવાબ આપી શક્યા ન હતા. જો કે, કોમર્શિયલ ટેક્સ ઓફિસરે ટેક્સ ચૂકવવામાં કસૂરવાર થવાના આધારે જીવેટ એક્ટની કલમ ૨૭(૫) હેઠળ વાદગ્રસ્ત હુકમ પસાર કરીને અપીલકર્તાનું નોંધણી પ્રમાણપત્ર શરૂઆતથી જ રદ કરી દીધું. કોમર્શિયલ ટેક્સ ઓફિસરે એવું પણ અવલોકન કર્યું કે અપીલકર્તાના વ્યવહારો શંકાસ્પદ હતા અને તેથી, મહેસૂલના હિતના રક્ષણના હેતુથી, અપીલકર્તાનું નોંધણી પ્રમાણપત્ર શરૂઆતથી જ રદ કરવામાં આવી રહ્યું હતું.

૭. અપીલકર્તાએ ત્યારબાદ, કોમર્શિયલ ટેક્સ ઓફિસરને તરત જ એક પત્ર તારીખ ૬.૨.૨૦૧૬ સંબોધીને રજૂઆત કરી કે ગંભીર નાણાકીય કટોકટીના કારણે તે બાકી લેણાં ચૂકવવામાં અસમર્થ રહ્યો હતો; જો કે, તેણે નાણાંની વ્યવસ્થા કરી હતી અને બાકી ટેક્સની સંપૂર્ણ રકમ ચૂકવી દીધી હતી. અપીલકર્તાએ વધુમાં રજૂઆત કરી કે વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માટે મધ્યસ્થી વેપારીઓ પાસેથી ખરીદી કરવાથી વેપારીઓ દ્વારા કરવામાં આવેલી કસૂરને કારણે ઈનપુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવી હોવાના તેના અનુભવ પછી, અપીલકર્તાએ સીધા શિપ બ્રેકર્સ અને પ્રતિષ્ઠિત કંપનીઓ પાસેથી ખરીદી કરવાનું શરૂ કર્યું હતું. આવી હકીકતોના આધારે, અપીલકર્તાએ નોંધણી પ્રમાણપત્ર પુનઃસ્થાપિત કરવા માટે પ્રાર્થના કરી.

૮. કોમર્શિયલ ટેક્સ ઓફિસરે પ્રમાણપત્ર પુનઃસ્થાપિત ન કર્યું હોવાથી, અપીલકર્તાએ પ્રથમ એપેલેટ ઓથોરિટી સમક્ષ ફર્સ્ટ અપીલ દાખલ કરી જેમાં પ્રથમ એપેલેટ ઓથોરિટી સમક્ષ કોમર્શિયલ ટેક્સ ઓફિસર દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ તારીખ ૧૨.૧.૨૦૧૬ ને પડકારવામાં આવ્યો. અપીલકર્તાના વિદ્વાન વકીલ દ્વારા એવી રજૂઆત કરવામાં આવી હતી કે તેણે જીવેટ એક્ટ હેઠળના તમામ બાકી લેણાં ચૂકવી દીધા છે. એવું વધુમાં રજૂ કરવામાં આવ્યું હતું કે જે વ્યવહારોના સંબંધમાં ઈનપુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવી હતી તે સાચા હતા અને વેચનાર વેપારીઓ દ્વારા કરવામાં આવેલી

કસૂર અને છેતરપિંડીથી ઉદ્ભવતા પ્રશ્નો ટાળવા માટે અપીલકર્તાએ ત્યારબાદ સીધા શિપ બ્રેકર્સ અને પ્રતિષ્ઠિત કંપનીઓ પાસેથી માલ ખરીદવાનું શરૂ કર્યું હતું. જો કે, તારીખ ૩.૮.૨૦૧૬ ના હુકમ દ્વારા, પ્રથમ એપેલેટ ઓથોરિટીએ અપીલ ફગાવી દીધી.

૯. અપીલકર્તાએ ટ્રિબ્યુનલ સમક્ષ આગળ અપીલ દાખલ કરી, જે સેકન્ડ અપીલ નં. ૧૩/૨૦૧૭ હતી. તારીખ ૧૬.૮.૨૦૧૭ ના વાદગ્રસ્ત હુકમ દ્વારા, ટ્રિબ્યુનલે અપીલ ફગાવી દીધી છે.

૧૦. અપીલકર્તા તરફથી ઉપસ્થિત વિદ્વાન વકીલ શ્રી ઉચિત શેઠે કોર્ટનું ધ્યાન જીવેટ એક્ટની કલમ ૨૧ તરફ દોર્યું, જે નોંધણીની જોગવાઈ કરે છે. તેની પેટા-કલમ (૧) નો સંદર્ભ આપવામાં આવ્યો, જે એવું નિર્ધારિત કરે છે કે કોઈ પણ ડીલર, આ અધિનિયમ હેઠળ ટેક્સ ચૂકવવા માટે જવાબદાર હોય ત્યારે, ડીલર તરીકે વ્યવસાય કરી શકશે નહીં, સિવાય કે તેની પાસે આ અધિનિયમ દ્વારા પ્રદાન કરવામાં આવેલ માન્ય નોંધણી પ્રમાણપત્ર હોય. એવું દર્શાવવામાં આવ્યું કે તેની પેટા-કલમ (૬) ડીલરને નોંધણીની ફરજિયાત ફાળવણીની જોગવાઈ કરે છે; અને તેની પેટા-કલમ (૭) ડીલર દ્વારા કરવામાં આવેલ અરજી પર નોંધણી રદ કરવાની જોગવાઈ કરે છે. જીવેટ એક્ટની કલમ ૨૨ નો પણ સંદર્ભ આપવામાં આવ્યો, જે સ્વૈચ્છિક નોંધણીની જોગવાઈ કરે છે. નોંધણી

સ્થગિત કરવા અથવા રદ કરવાની જોગવાઈ કરતી જીવેટ એક્ટની કલમ ૨૭ તરફ ધ્યાન દોરતા, એવું દર્શાવવામાં આવ્યું કે તેની પેટા–કલમ (૧) વ્યવસાય બંધ થવા, અથવા કંપનીના ફરચામાં જવા, અથવા માલિકના મૃત્યુના કિસ્સામાં કોઈ વારસદાર ન હોવા, પેઢીના વિસર્જન વગેરેના કિસ્સામાં નોંધણી રદ કરવાની જોગવાઈ કરે છે. કલમ ૨૭ ની પેટા–કલમ (૫) નો સંદર્ભ આપતા, જે હાલના કેસના હેતુ માટે સુસંગત છે, એવું દર્શાવવામાં આવ્યું કે હાલના કેસમાં કોમર્શિયલ ટેક્સ ઓફિસરે પેટા–કલમ (૫) ના ખંડ (સી) ના સંબંધમાં અરજદારને નોટિસ જારી કરી હતી, જે એવા કિસ્સામાં પ્રમાણપત્ર રદ કરવાની જોગવાઈ કરે છે જ્યાં કોઈ ડીલર આ અધિનિયમની જોગવાઈઓ હેઠળ તેના દ્વારા સતત ત્રણ કરવેરાના સમયગાળા માટે ટેક્સ ચૂકવવામાં નિષ્ફળ રહ્યો હોય. એવું દર્શાવવામાં આવ્યું કે કલમ ૨૭ ની પેટા–કલમ (૫) કમિશનરને નોંધણી પ્રમાણપત્ર રદ કરવાનો વિવેકાધિકાર આપે છે અને કલમ ૨૭ ની પેટા–કલમ (૫) હેઠળ દર્શાવવામાં આવેલ ખંડોની શરતોમાં કસૂર થઈ હોવાને કારણે નોંધણી રદ કરવી ફરજિયાત નથી. એવું રજૂ કરવામાં આવ્યું કે જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૫) કમિશનરને તેમના દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવેલ તારીખથી નોંધણી પ્રમાણપત્ર રદ કરવાની પરવાનગી આપે છે. એવું રજૂ કરવામાં આવ્યું કે સામાન્ય રીતે ડીલરને નોંધણી આપવામાં આવવી જોઈએ અને તે ચાલુ રાખવી જોઈએ કારણ કે તે ભારતનાં બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ ડીલરના અધિકારોને સીધી રીતે અસર કરે છે.

૧૦.૧ એવું રજૂ કરવામાં આવ્યું કે જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૫) હેઠળ નોંધણી રદ કરવાની સત્તા વિવેકાધીન છે કારણ કે તેમાં "કરી શકશે" શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એવું વધુમાં રજૂ કરવામાં આવ્યું કે "નિર્દિષ્ટ કરવામાં આવેલ તારીખથી" શબ્દો કમિશનરને પૂર્વવર્તી અસરથી નોંધણી રદ કરવાની સત્તા આપતા નથી, એવા કિસ્સામાં જ્યાં ઉલ્લંઘન મૂળભૂત બાબત ન હોય જેના કારણે નોંધણી શરૂઆતથી જ રદ કરવાપાત્ર બની જાય, ઉદાહરણ તરીકે જ્યાં છેતરપિંડી દ્વારા નોંધણી મેળવવામાં આવી હોય, અથવા જ્યાં ડીલર માત્ર બિલિંગ પ્રવૃત્તિઓમાં સંકળાયેલ હોય અને તેણે કોઈ સાચા વ્યવહારો ન કર્યા હોય.

૧૦.૨ ગુજરાત વેલ્યુ એડેડ ટેક્સ રૂલ્સ, ૨૦૦૬ (જે હવે પછી "જીવેટ નિયમો" તરીકે ઉલ્લેખિત છે) ના નિયમ ૫ ની જોગવાઈઓ અને વધુ ખાસ કરીને તેના પેટા–નિયમો (૨), (૧૧), (૧૩) થી (૧૭) નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેથી નોંધણી મેળવવાની પ્રક્રિયા દર્શાવી શકાય. જીવેટ નિયમોના નિયમ ૬ નો સંદર્ભ આપતા, એવી રજૂઆત કરવામાં આવી હતી કે જો નોંધણી માટેની અરજી યોગ્ય ક્રમમાં હોય અને નોંધણી સત્તાધિકારીને સંતોષ થાય કે અરજદારનો માલ વાજબી રીતે ઓળખી શકાય તેવો છે, પછી ભલે ગોડાઉન અથવા વેરહાઉસ એક કે તેથી વધુ ડીલરો સાથે શેર કરવામાં આવ્યું હોય, તો નોંધણી સત્તાધિકારી ફોર્મ ૧૦૨ માં નોંધણી પ્રમાણપત્ર જારી કરશે. એવી

રજૂઆત કરવામાં આવી હતી કે નોંધણી આપવી એ વિવેકાધીન નથી, પરંતુ તે રદ કરવી એ વિવેકાધીન છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે ટેક્સની ગંભીર કરચોરીના કિસ્સામાં, ટેક્સની વસૂલાત માટે, એવા કિસ્સામાં જ્યાં ડીલર કરચોરીની નોટિસ પછી વિક્રેતા સાથે વ્યવહાર કરે છે ત્યાં નોંધણી રદ કરવી વાજબી છે; જો કે, આવા કિસ્સાઓમાં નોંધણી ભવિષ્યલક્ષી અસરથી રદ કરી શકાય છે.

૧૦.૩ કોમર્શિયલ ટેક્સ ઓફિસર દ્વારા પસાર કરવામાં આવેલ હુકમ તારીખ ૧૨.૧.૨૦૧૬ નો સંદર્ભ આપતા, એવું દર્શાવવામાં આવ્યું કે આ કેસમાં નોંધણી રદ કરવાનું કારણ ટેક્સના લેણાં ન ચૂકવવાનું હતું. એવું રજૂ કરવામાં આવ્યું કે ટેક્સના લેણાં ન ચૂકવવાના પરિણામે પૂર્વવર્તી અસરથી નોંધણી રદ થઈ શકે નહીં. એવું દર્શાવવામાં આવ્યું કે અસલ હુકમમાં રદ કરવાનું બીજું કારણ શંકા છે, એવી રજૂઆત કરવા માટે કે શંકાના આધારે નોંધણી રદ કરવાની કોઈ સત્તા નથી. હકીકતો પર, એવું દર્શાવવામાં આવ્યું કે અપીલકર્તા દ્વારા કરવામાં આવેલ માત્ર ૧૫% થી ૨૦% વ્યવહારો પર શંકા છે, આવા કિસ્સામાં અપીલકર્તાની નોંધણી પૂર્વવર્તી અસરથી રદ કરી શકાય નહીં કારણ કે તેનો અર્થ એ થશે કે તેણે કોઈ કાયદેસર વ્યવસાય કર્યો નથી. એવી દલીલ કરવામાં આવી કે કેટલાક વ્યવહારો બાબતે કરચોરી પણ નોંધણી રદ કરવા માટે આકર્ષિત કરશે નહીં; જો કે, આકારણીમાં, ટેક્સ અને દંડ લાદી શકાય છે. એવું રજૂ કરવામાં

આવ્યું કે પૂર્વવર્તી અસરથી રદ કરવાનું ત્યારે થઈ શકે છે જ્યાં મૂળ રીતે છેતરપિંડી દ્વારા નોંધણી મેળવવામાં આવી હોય; અથવા જ્યાં ડીલરે શરૂઆતથી જ કોઈ કાયદેસર વ્યવસાય ન કર્યો હોય. એવું રજૂ કરવામાં આવ્યું કે અપીલકર્તાના કિસ્સામાં આવી કોઈ ગંભીર ગેરરીતિઓનું તારણ નથી.

૧૦.૪ નોંધણી રદ કરવાના અસલ હુકમનો સંદર્ભ આપતા, એવું દર્શાવવામાં આવ્યું કે સદર હુકમ કારણવિહીન હુકમ છે જ્યારે એપેલેટ હુકમમાં એવું નોંધવામાં આવ્યું છે કે કેટલાક વ્યવહારો શંકાસ્પદ છે. એવી અરજ કરવામાં આવી કે જો નોંધણી પુનઃસ્થાપિત કરવામાં આવે તો મહેસૂલને કોઈ નુકસાન થશે નહીં. એવું ભારપૂર્વક દલીલ કરવામાં આવી કે પૂર્વવર્તી અસરથી નોંધણી રદ કરવાથી અપીલકર્તાના તમામ સાચા વ્યવહારો અમાન્ય બની જાય છે અને તેના ગંભીર પરિણામો આવે છે. આ સંબંધમાં, જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૬) ની જોગવાઈઓ તરફ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું, જે એવી જોગવાઈ કરે છે કે જે વ્યક્તિની નોંધણી પેટા–કલમ (૫) હેઠળ રદ કરવામાં આવી હોય તેણે નોંધણી રદ થવાની તારીખે સ્ટોક તરીકે રાખવામાં આવેલા દરેક કરપાત્ર માલના સંબંધમાં, જો માલ તે તારીખે વાજબી બજાર કિંમતે વેચવામાં આવ્યો હોત તો માલના સંબંધમાં ચૂકવવાપાત્ર ટેક્સ જેટલી રકમ અથવા આવા માલના સંબંધમાં અગાઉ દાવો કરવામાં આવેલી કુલ ટેક્સ ક્રેડિટ, બેમાંથી જે વધુ હોય તે ચૂકવવાની રહેશે.

૧૦.૫ જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૧૧) નો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જે એવી જોગવાઈ કરે છે કે કમિશનર જીવેટ એક્ટની જોગવાઈઓ હેઠળ જેમના નોંધણી પ્રમાણપત્ર રદ કરવામાં આવ્યા હોય તેવા ડીલરોની વિગતો નિર્ધારિત કરવામાં આવે તે રીતે પ્રસિદ્ધ કરશે. નોંધણી પ્રમાણપત્ર સ્થગિત કરવા અથવા રદ કરવાની વિગતોના પ્રકાશનની જોગવાઈ કરતા નિયમોના નિયમ ૧૧ ની જોગવાઈઓ તરફ પણ કોર્ટનું ધ્યાન દોરવામાં આવ્યું હતું. એવું દર્શાવવામાં આવ્યું હતું કે એપેલેટ ઓથોરિટીએ સર્ચના રેકોર્ડ અને મેળવેલી વિગતોના આધારે રદ કરવાના હુકમને સમર્થન આપ્યું છે. એવું દર્શાવવામાં આવ્યું હતું કે જ્યારે નોંધણી રદ કરવાની બાબત વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ ને લગતી છે, ત્યારે પ્રથમ એપેલેટ ઓથોરિટી દ્વારા આધાર રાખવામાં આવેલી યાદી મુજબ અરજદારે જે પક્ષકારો સાથે વ્યવહારો કર્યા હતા તેમની નોંધણી તેના ઘણા સમય પછી રદ કરવામાં આવી હતી. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે તેથી, જે સમયે અરજદારે વ્યવહારો કર્યા હતા, તે સમયે સંબંધિત પક્ષકારો જીવેટ એક્ટ હેઠળ યોગ્ય રીતે નોંધાયેલા હતા.

૧૦.૬ આગળ, એવી દલીલ કરવામાં આવી હતી કે અસલ હુકમ નોટિસની બહાર જઈ શકે નહીં અને, તેથી, એપેલેટ હુકમ પણ અસલ હુકમની બહાર જઈ શકે નહીં, જ્યારે હાલના કેસની હકીકતોમાં, પ્રથમ એપેલેટ હુકમે સમગ્ર કેસનો પુનઃ નિર્ણય કર્યો છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે પ્રથમ

અપીલમાં, પ્રથમ એપેલેટ ઓથોરિટીએ અસલ હુકમમાં વધારો કર્યો છે, જે કાયદામાં માન્ય નથી. એવી અરજ કરવામાં આવી હતી કે અપીલકર્તાની અપીલમાં, પ્રથમ એપેલેટ ઓથોરિટી અસલ હુકમની બહાર જઈ શકી ન હોત.

૧૦.૭ એવું પણ દર્શાવવામાં આવ્યું હતું કે ટ્રિબ્યુનલે, વાદગ્રસ્ત હુકમમાં, એવું નોંધ્યું છે કે અપીલકર્તાએ ટેક્સ અને વ્યાજ ચૂકવીને પરોક્ષ રીતે સ્વીકાર્યું છે કે ખરીદીઓ સાચી ન હતી અને સ્ટેટ ઓફ ગુજરાત વિ. નાગેશી એન્ટરપ્રાઇઝ, (૨૦૧૭) ૧૦૪ વી.એસ.ટી. ૨૦૪ (ગુજરાત) ના કેસમાં આ કોર્ટનો નિર્ણય લાગુ કર્યો છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે ટ્રિબ્યુનલે હાલના કેસની હકીકતોને યોગ્ય પરિપ્રેક્ષ્યમાં સમજી નથી, કારણ કે, વર્ષ ૨૦૧૦–૧૧ માટેની સેકન્ડ અપીલ નં. ૭૩૨/૨૦૧૫ માં, જ્યારે અપીલકર્તાએ ટેક્સ, વ્યાજ તેમજ દંડના હુકમને પડકાર્યો હતો, ત્યારે અપીલકર્તાને તેના વતી ઉપસ્થિત વિદ્વાન વકીલ દ્વારા જાણ કરવામાં આવી હતી કે વિક્રેતાઓના નોંધણી પ્રમાણપત્ર પાછળથી રદ થવાને કારણે ઇનપુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવાના કેસોમાં ટ્રિબ્યુનલની સામાન્ય પ્રથા એવી હતી કે જો ટેક્સ અને વ્યાજ ચૂકવવામાં આવે તો દંડની રકમ સંપૂર્ણપણે માફ કરવામાં આવતી હતી. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે માનસિક શાંતિ મેળવવા અને કાર્યવાહીનો અંત લાવવા માટે, અપીલકર્તાએ વિદ્વાન વકીલને પડકાર માત્ર દંડની રકમ પૂરતો મર્યાદિત રાખવાની પરવાનગી આપી હતી. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે માત્ર અપીલકર્તાએ પડકાર દંડની રકમ

પૂરતો મર્યાદિત રાખ્યો હતો એટલા માટે, કોઈપણ રીતે એવું કહી શકાય નહીં કે અપીલકર્તા દ્વારા એવો સ્વીકાર કરવામાં આવ્યો હતો કે ઈનપુટ ટેક્સ ક્રેડિટ ખોટી રીતે મેળવવામાં આવી હતી.

૧૦.૮ તેમની રજૂઆતોના સમર્થનમાં, વિદ્વાન વકીલે છાબરા ઈલેક્ટ્રિક સ્ટોર્સ વિ. ધ ચીફ કમિશનર, દિલ્હી (૧૯૭૨) ૩૦ એસ.ટી.સી. ૮૫ (દિલ્હી) ના કેસમાં દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર આધાર રાખ્યો હતો જેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે દિલ્હી સેલ્સ ટેક્સ રૂલ્સ, ૧૯૫૧ ના નિયમ ૧૨(૧) ના ખંડ (ડી) માંના શબ્દો "હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે તારીખથી", તેના મતે કાં તો હુકમની તારીખ અથવા હુકમની તારીખ પછીની તારીખ અને હુકમની તારીખ પહેલાંની તારીખ નહીં તેવો અર્થ કાઢવો જોઈએ.

૧૦.૯ ઓરિસ્સા હાઈકોર્ટના એમ.સી. અગ્રવાલ વિ. સેલ્સ ટેક્સ ઓફિસર, કેસિંગા અને અન્ય, (૧૯૮૭) ૬૪ એસ.ટી.સી. ૨૯૮ ના નિર્ણય પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં કોર્ટ એ પ્રશ્ન પર વિચાર કરી રહી હતી કે શું ઓરિસ્સા સેલ્સ ટેક્સ એક્ટ હેઠળ ડીલરના નોંધણી પ્રમાણપત્રને રદ કરવાને પૂર્વવર્તી અસર આપી શકાય કે કેમ. કોર્ટે નીચે મુજબ ઠરાવ્યું:-

"૪. ઓરિસ્સા સેલ્સ ટેક્સ રૂલ્સ, ૧૯૪૭ નો નિયમ ૧૬(૧), આસિસ્ટન્ટ સેલ્સ ટેક્સ ઓફિસર અથવા સેલ્સ ટેક્સ ઓફિસરને, જે પણ કિસ્સો હોય, તેને જરૂરી લાગે તેવી તપાસ કર્યા પછી, કમિશનર દ્વારા પેટા-નિયમ (૩) હેઠળ કોઈપણ ફેરફારને આધીન, તેના દ્વારા નિર્દિષ્ટ કરવામાં આવનાર તારીખથી ડીલરની નોંધણી રદ કરવાની સત્તા આપે છે. તેથી, સેલ્સ ટેક્સ ઓફિસરે એ તારીખ નિર્દિષ્ટ કરવાની રહે છે જે તારીખથી રદ કરવાનું અમલમાં આવશે. પરંતુ, એ સુસ્થાપિત છે કે તે પૂર્વવર્તી અસર સાથે કોઈ તારીખ નક્કી કરી શકે નહીં. નોંધણી પ્રમાણપત્ર રદ કરવા માટે અનુસરવામાં આવતા અન્ય સિદ્ધાંતો સિવાય, આ પ્રશ્ન આ કોર્ટની બેન્ચના ૧૪મી સપ્ટેમ્બર, ૧૯૭૭ ના રોજ નિકાલ કરાયેલા એસ.જે.સી. નં. ૧૦૧ અને ૧૦૨/૧૯૭૫ ના નિર્ણય દ્વારા ઉકેલવામાં આવ્યો છે, જેમાં એવું ઠરાવવામાં આવ્યું છે કે સેલ્સ ટેક્સ ઓફિસરને હુકમમાં તારીખ નિર્દિષ્ટ કરવાની સત્તા આપતી નિયમ ૧૬ બી(૧) ની જોગવાઈ તેને પૂર્વવર્તી રીતે તારીખ નક્કી કરવાની પરવાનગી આપશે નહીં અને તેનો હંમેશા એવો અર્થ થશે કે તારીખ જે હુકમ કરવાની તારીખ હોય અથવા ભવિષ્યના કોઈપણ સમયની તારીખ જ દર્શાવી શકાય."

૧૦.૧૦ ડેપ્યુટી કમિશનર ઓફ સેલ્સ ટેક્સ (લો), બોર્ડ ઓફ રેવન્યુ (ટેક્સીસ), એર્નાકુલમ વિ. દેબી પ્રસાદ શ્યામ સુંદર એન્ડ સન્સ, (૧૯૯૧) ૮૨ એસ.ટી.સી. ૩૦૫ (કેરળ) ના કેસમાં કેરળ હાઈકોર્ટના નિર્ણયનો પણ સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે નીચે મુજબ ઠરાવ્યું હતું:-

"૫. એ યાદ રાખવું જોઈએ કે નિર્ધારિત સત્તાધિકારી દ્વારા પ્રમાણપત્ર માત્ર તેને જરૂરી લાગે તેવી પૂછપરછ કર્યા પછી અને જો તેને સંતોષ થાય કે અરજી યોગ્ય ક્રમમાં છે અને તેમાં આપવામાં આવેલી વિગતો સાચી છે, વગેરે હોય તો જ આપવામાં આવે છે. એવું નથી કે પ્રમાણપત્ર યાંત્રિક રીતે આપવામાં આવે છે. એક તપાસની કલ્પના કરવામાં આવી છે, જેના આધારે સંબંધિત અધિકારીને સંતોષ થવો જોઈએ કે જે વ્યક્તિએ નોંધણી માટે અરજી કરી છે તે વાસ્તવિક વ્યક્તિ છે, અરજીમાં આપવામાં આવેલી વિગતો સાચી છે, અને સંજોગોમાં, અધિકારીનો અભિપ્રાય છે કે અરજદાર માટે નોંધણી પ્રમાણપત્ર આપવાનું છે. જ્યારે એકવાર આવું પ્રમાણપત્ર આપવામાં આવે છે, ત્યારે તે વ્યક્તિને કેટલાક વિશેષાધિકારો પૂરા પાડે છે. કેરળ જનરલ સેલ્સ ટેક્સ એક્ટની કલમ ૨૨ હેઠળ, માત્ર નોંધાયેલ ડીલર જ કોઈપણ માલના વેચાણ પર તેના દ્વારા ચૂકવવાપાત્ર ટેક્સ તે વ્યક્તિ પાસેથી વસૂલ કરી શકે છે જેને તે માલ વેચે છે. માત્ર નોંધાયેલ ડીલર જ ફોર્મ નં. ૨૫ ની ઘોષણા આપી શકે છે, જે કેરળ જનરલ સેલ્સ ટેક્સ રૂલ્સના નિયમ ૩૨(૧૪) દ્વારા કલ્પના કરવામાં આવી છે, તેના દ્વારા ખરીદેલા માલ માટે, જે અંતિમ ખરીદીના તબક્કે કરપાત્ર છે. અસરમાં, નોંધણી

પ્રમાણપત્ર આપવાથી, મહેસૂલ સમગ્ર વિશ્વ સમક્ષ એવું જાહેર કરે છે કે જે વ્યક્તિને પ્રમાણપત્ર આપવામાં આવ્યું છે તે આ અધિનિયમ હેઠળ નોંધાયેલ ડીલર છે, જે અધિનિયમ અને નિયમો દ્વારા પૂરા પાડવામાં આવેલ તમામ અધિકારો અને વિશેષાધિકારોનો લાભ લેવા હકદાર છે. એ સાચું છે કે, નિર્ધારિત સત્તાધિકારી માટે યોગ્ય અને પૂરતા કારણોસર, સંબંધિત ડીલરને સાંભળવાની તક પૂરી પાડ્યા પછી નોંધણી પ્રમાણપત્ર રદ કરવાનો માર્ગ ખુલ્લો છે. પરંતુ, નોંધણીનું આવું રદ થવું એ તારીખથી જ અમલમાં આવી શકે છે જ્યારે આવો હુકમ પસાર કરવામાં આવ્યો હતો. તેની કોઈ પૂર્વવર્તી અસર હોઈ શકે નહીં. તે શુદ્ધ બુદ્ધિથી વ્યક્તિઓ દ્વારા કરવામાં આવેલા ભૂતકાળના વ્યવહારોને કોઈપણ રીતે અસર કરી શકે નહીં, જેમણે નોંધણી પ્રમાણપત્ર પર આધાર રાખીને, વ્યવસાયિક સોદાઓ કર્યા હતા અને તેમની બાબતો ગોઠવી હતી. આ વિશેષ કરીને એવા કિસ્સામાં છે જ્યાં વેચનાર ડીલર અને ખરીદદારો વચ્ચે કોઈ મિલાવટનો આક્ષેપ કરવામાં આવ્યો નથી કે તે પ્રસ્થાપિત થયો નથી. નીચેના નિર્ણયોના પ્રકાશમાં આ દૃષ્ટિકોણ અપનાવવામાં અમને સમર્થન મળે છે: (૧) સંતુમલ વિ. આસિસ્ટન્ટ કમિશનર ઓફ સેલ્સ ટેક્સ [૧૯૬૩] ૧૪ એસ.ટી.સી. ૨૮૭ (બોમ્બે), (૨) છાબરા ઇલેક્ટ્રિક સ્ટોર્સ વિ. ચીફ કમિશનર [૧૯૭૨] ૩૦ એસ.ટી.સી. ૮૫ (દિલ્હી); (૩) દેવિન્દર કુમાર કેવલ કુમાર વિ. સ્ટેટ [૧૯૭૨] ૩૦ એસ.ટી.સી. ૩૫૨ (પી એન્ડ એચ), (૪) કોમર્શિયલ ટેક્સ ઓફિસર વિ. જશોદાલાલ ઘોષાલ પ્રાઇવેટ લિમિટેડ [૧૯૭૯] ૪૪ એસ.ટી.સી.

૩૧ (કલકત્તા) અને (૫) સુરેશ ટ્રેડિંગ કંપની વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર [૧૯૮૧] ૪૮ એસ.ટી.સી. ૨૦૭ (બોમ્બે)."

૧૦.૧૧ તરુલતા ટ્રેડિંગ પ્રાઈવેટ લિમિટેડ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, (૨૦૧૯) ૬૧ જી.એસ.ટી.આર. ૩૭૨ (ગુજરાત) ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે નીચે મુજબ ઠરાવ્યું હતું:-

> "૭. તમામ અરજીઓમાં હકીકતો સમાન હોવાથી, તેઓ અલગથી નોંધવામાં આવી નથી. અમે સ્પષ્ટ કરીએ છીએ કે અમે ટ્રિબ્યુનલ સમક્ષ રિવિઝન અરજી પડતર હોવા દરમિયાન માત્ર અરજદારને વચગાળાના રક્ષણના મુદ્દાને જ હાથમાં લઈ રહ્યા છીએ. તેથી અમે એવું કોઈ અવલોકન કરવામાં ધીમા રહીશું જે કોઈપણ સંજોગોમાં પડતર લિટિગેશનમાં કોઈ એક પક્ષ કે અન્યને નુકસાન પહોંચાડી શકે. એવી જોગવાઈ કરવામાં આવે છે કે આવું કોઈ અવલોકન ટ્રિબ્યુનલ સમક્ષ પડતર રિવિઝન અરજીમાં કોઈપણ પક્ષ માટે અવરોધરૂપ બનશે નહીં.
>
> ૮. આ પ્રસ્તાવના સાથે, અમે યાદ કરી શકીએ છીએ કે ડીલર તરીકે અરજદારની નોંધણી વર્ષ ૨૦૦૮ થી

સતત ચાલુ રહી હતી જ્યાં સુધી તેને તાજેતરમાં પૂર્વવર્તી અસરથી રદ કરવામાં ન આવી. જો નોંધણી રદ કરવાની બાબતને સમર્થન આપવામાં આવે તો પણ, પ્રશ્ન એ છે કે, શું શરૂઆતથી જ નોંધણી રદ કરવાની જોગવાઈ કરીને પૂર્વવર્તી અસર સાથે સમાન હુકમ કરવો જોઈતો હતો. જો આવી નોંધણી રદ કરવામાં આવે તો પણ, ખરીદદારો ડીલરો તેમની આકારણીમાં હંમેશા એવી દલીલ કરી શકે છે કે અરજદાર સાથેના તેમના વ્યવહારો સાચા હતા અને તેથી તેમને આવા વ્યવહારો સંબંધિત ઇનપુટ ટેક્સ ક્રેડિટથી વંચિત રાખી શકાય નહીં. બીજી તરફ, જો આવી નોંધણી પૂર્વવર્તી અસર સાથે રદ કરવામાં ન આવે અને વિભાગ પાસે એવું માનવા માટે સામગ્રી હોય કે અરજદાર દ્વારા કરવામાં આવેલા ભૂતકાળના અમુક વ્યવહારો સાચા ન હતા, તો વિભાગ માટે ખરીદદારો ડીલરો સાથે આવા મુદ્દાને આગળ ધપાવવાનો માર્ગ હંમેશા ખુલ્લો રહેશે. જે પણ હોય, ટ્રિબ્યુનલ સમક્ષ રિવિઝન અરજી પડતર હોવાથી, કેસની હકીકતોમાં અમે નોંધણી રદ કરવાની પૂર્વવર્તી કામગીરી પર સ્ટે આપવા માંગીએ છીએ."

૧૦.૧૨ એમ.એસ. ટ્રેડર્સ વિ. કોમર્શિયલ ટેક્સ ઓફિસર, સર્કલ નં. ૨, રતલામ અને અન્ય, (૧૯૯૮) ૧૦૯ એસ.ટી.સી. ૬૦૪ ના કેસમાં મધ્યપ્રદેશ હાઇકોર્ટનો નિર્ણય ટાંકવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે નીચે મુજબ ઠરાવ્યું હતું:-

> "૧૦. અરજદારે [૧૯૯૫] ૯૯ એસ.ટી.સી. ૪૦૧ (સુધાકર ઓઈલ ટ્રેડર્સ વિ. આસિસ્ટન્ટ કોમર્શિયલ ટેક્સ ઓફિસર) માં નોંધાયેલા ચુકાદા પર આધાર રાખ્યો છે, જેમાં આંધ્રપ્રદેશ હાઇકોર્ટની ડિવિઝન બેન્ચે ઠરાવ્યું છે કે ભારતનાં બંધારણના અનુચ્છેદ ૧૯(૧)(જી) હેઠળ, સામાન્ય જનતાના હિતમાં તે અધિકારના ઉપયોગ પર અનુચ્છેદ ૧૯(૬) હેઠળ રાજ્ય દ્વારા લાદવામાં આવતા વાજબી નિયંત્રણોને આધીન, નાગરિકને કોઈપણ વ્યવસાય, વેપાર અથવા ધંધો ચલાવવાનો મૂળભૂત અધિકાર છે. આ કાનૂની સ્થિતિનો વિવાદ કરી શકાય નહીં.
>
> ૧૧. આ કોર્ટ સમક્ષ પ્રશ્ન એ છે કે, શું સામાવાળા નં. ૧ દ્વારા આ અધિનિયમની કલમ ૨૨ ની જોગવાઈઓને અનુરૂપ યોગ્ય તપાસ કરવામાં આવી હતી. વાદગ્રસ્ત હુકમમાંથી પસાર થયા પછી, મને જણાય છે કે જે આધાર પર અરજદારને કારણદર્શક નોટિસ જારી

કરવામાં આવી હતી, તેમાં અરજદારનો કસૂરવારો સાથે કોઈ પ્રત્યક્ષ કે પરોક્ષ સંબંધ છે તેવા નિષ્કર્ષ પર આવતા પહેલા કોઈ યોગ્ય તપાસ કરવામાં આવી ન હતી. આ નિષ્કર્ષ પર આવવા માટે માત્ર સંબંધ હોવો પૂરતો નથી. એવો માત્ર સંજોગ હોઈ શકે કે અરજદાર કસૂરવાર પક્ષકારનો સંબંધી હોય. એવો પણ સંજોગ હોઈ શકે કે તે એ જ વ્યવસાય ચલાવી રહ્યો છે જે કસૂરવાર પક્ષકાર દ્વારા અને તે જ જગ્યાએથી ચલાવવામાં આવતો હતો. પરંતુ એવા નિષ્કર્ષ પર આવવા માટે કે અરજદાર માત્ર નામ આપનાર છે અને વાસ્તવિક વ્યવસાય કસૂરવાર પક્ષકાર દ્વારા ચલાવવામાં આવી રહ્યો છે, આ સંબંધમાં તપાસ કરતી વખતે સામાવાળા નં. ૧ દ્વારા નિર્ણાયક અને નક્કર પુરાવા એકત્રિત કરવા જરૂરી હતા."

૧૦.૧૩ સાઈ ટ્રેડર્સ વિ. કમિશનર ઓફ કોમર્શિયલ ટેક્સીસ, યુ.પી., લખનૌ, (૨૦૧૧) ૪૬ વી.એસ.ટી. ૫૫૨ (અલ્હાબાદ) ના કેસમાં અલ્હાબાદ હાઈકોર્ટના નિર્ણયનો સંદર્ભ આપવામાં આવ્યો હતો, જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે:–

"૧૨. જય અંબે એન્ટરપ્રાઈઝીસ પાસેથી દર્શાવવામાં આવેલી ખરીદીઓ બોગસ છે તેવો અન્ય આધાર રેકોર્ડ પરથી સાબિત થતો નથી. હકીકતમાં રિવિઝન સાથેના એનેક્ષર નં. ૧૩ પરથી સ્પષ્ટ થાય છે તેમ સદર પેઢી દ્વારા વિભાગમાં સબમિટ કરાયેલા તેના રિટર્નમાં પણ સદર ખરીદીઓ દર્શાવવામાં આવી છે. વધુમાં, ખરીદીઓ બોગસ છે તે આધાર સાથે ટ્રિબ્યુનલ દ્વારા કામ પાર પાડવામાં આવ્યું નથી. ટ્રિબ્યુનલ માત્ર એટલું જ નોંધે છે કે જે પેઢી પાસેથી રિવિઝનિસ્ટ દ્વારા ખરીદી કરવામાં આવી હતી તે કરચોરીમાં સંકળાયેલી જોવા મળી હતી. સદર પેઢીની કરચોરીમાં સંડોવણી રિવિઝનિસ્ટ પર લાદી શકાય નહીં કારણ કે રિવિઝનિસ્ટ સદર પેઢીની બાબતો સાથે કોઈપણ રીતે સંકળાયેલ હતો અને આવી કરચોરીમાં નિમિત્ત હતો એવું કોઈ તારણ નથી."

૧૦.૧૪ એમ.એ. રહેમાન અને અન્ય વિ. ધ સ્ટેટ ઓફ આંધ્રપ્રદેશ અને અન્ય, (૧૯૬૧) ૧૨ એસ.ટી.સી. ૩૯૨ ના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં અરજદારો વતી એવી દલીલ કરવામાં આવી હતી કે રદ કરવાની અસર એ છે કે જે વ્યક્તિની નોંધણી રદ કરવામાં આવે છે તે મોટર સ્પિરિટનો વ્યવસાય ચલાવી શકતો નથી જે રીતે તે રદ કરતા પહેલા કરતો

હતો. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે નોંધણી રદ થવાથી જે વ્યક્તિની નોંધણી રદ કરવામાં આવી છે તેના વ્યવસાયનો સંપૂર્ણ નાશ થાય છે અને આમ રદ કરવા અંગેની જોગવાઈ એ વ્યવસાય ચલાવવાના મૂળભૂત અધિકાર પર ગેરવાજબી નિયંત્રણ છે. કોર્ટે ઠરાવ્યું કે તેમાં કોઈ શંકા નથી કે જો મદ્રાસ સેલ્સ ઓફ મોટર સ્પિરિટ ટેક્સેશન એક્ટ, ૧૯૩૯ ની પેટા–કલમ (૬) હેઠળ નોંધણી રદ કરવામાં આવે છે, તો જે વ્યક્તિની નોંધણી આવી રીતે રદ કરવામાં આવી છે તેના માટે પોતાનો વ્યવસાય ચલાવવો શક્ય રહેશે નહીં.

૧૦.૧૫ ધ સ્ટેટ ઓફ કેરળ વિ. વિજયા સ્ટોર્સ, (૧૯૭૮) ૪૨ એસ.ટી.સી. ૪૧૮ માં સુપ્રીમ કોર્ટના નિર્ણય પર આધાર રાખવામાં આવ્યો હતો, જેનો સંદર્ભ ચુકાદામાં યોગ્ય તબક્કે આપવામાં આવશે.

૧૦.૧૬ એડવાન્સ્ડ સિસ્ટેક પ્રાઈવેટ લિમિટેડ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ના કેસમાં આ કોર્ટના ૨૮.૩.૨૦૧૪ ના રોજ ટેક્સ અપીલ્સ નં. ૧૫૭ અને ૧૫૮/૨૦૧૪ માં આપવામાં આવેલા બિન–અહેવાલિત નિર્ણય પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં કોર્ટે અવલોકન કર્યું હતું કે ટ્રિબ્યુનલ સમક્ષ અપીલનો વ્યાપ સેન્ટ્રલ સેલ્સ ટેક્સ શાસન હેઠળ આકારણી અધિકારી દ્વારા પસાર કરવામાં આવેલા આકારણી હુકમની કાયદેસરતા અને એસેસીની અપીલ ફગાવી દેતા કમિશનર (અપીલ્સ) ના હુકમની કાયદેસરતા પૂરતો મર્યાદિત હતો.

જીવેટ એક્ટની કલમ ૭૩ હેઠળ અપીલની સત્તાઓ હેઠળ અધિકારક્ષેત્રનો ઉપયોગ કરતા ટ્રિબ્યુનલ આકારણી અધિકારીના હુકમના તે ભાગને રદ કરી શકે નહીં જે તેની સમક્ષ અપીલમાં પણ ન હતો.

૧૦.૧૭ તે મુજબ, એવી અરજ કરવામાં આવી હતી કે અપીલ મંજૂર થવાપાત્ર છે અને કોર્ટ દ્વારા ઘડવામાં આવેલા પ્રશ્નોના જવાબ અપીલકર્તાની તરફેણમાં આપવા જરૂરી છે.

૧૧. અપીલનો વિરોધ કરતા, વિદ્વાન આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડર સુશ્રી મૈથિલી મહેતાએ પ્રથમ એપેલેટ ઓથોરિટી દ્વારા પસાર કરવામાં આવેલા હુકમ તરફ કોર્ટનું ધ્યાન દોર્યું, એ દર્શાવવા માટે કે ઓથોરિટીએ અપીલકર્તા દ્વારા કરવામાં આવેલા અસંખ્ય વ્યવહારોનો સંદર્ભ આપ્યો છે જે શંકાસ્પદ પ્રકૃતિના છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે જો પ્રથમ એપેલેટ ઓથોરિટી દ્વારા સંદર્ભ આપવામાં આવેલા વ્યવહારોને ધ્યાનમાં લેવામાં ન આવે તો પણ, કોર્ટ એ હકીકત ધ્યાનમાં લઈ શકે છે કે આકારણી કાર્યવાહીમાં, બે વ્યવહારો શંકાસ્પદ સાબિત થયા હતા જેના માટે અપીલકર્તાની ઈનપુટ ટેક્સ ક્રેડિટ અમાન્ય કરવામાં આવી હતી.

૧૧.૧ જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૫) ની જોગવાઈઓનો સંદર્ભ આપતા, એવું રજૂ કરવામાં આવ્યું હતું કે "નિર્દિષ્ટ કરવામાં આવે તે મુજબ" શબ્દો કમિશનરને કોઈપણ તારીખથી નોંધણી રદ કરવાનો વિવેકાધિકાર આપે છે, અને આવું રદ થવું એ પૂર્વવર્તી હોઈ શકે છે અને નોંધણીની મંજૂરીની તારીખથી શરૂઆતથી જ હોઈ શકે છે. આવી રજૂઆતના સમર્થનમાં, વિદ્વાન આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડરે સ્ટેટ ઓફ ગુજરાત વિ. જૈન માર્બો ઈન્ડિયા (પી.) લિમિટેડ, (૨૦૧૮) ૬૭ જી.એસ.ટી. ૪૯૫ (ગુજરાત) ના કેસમાં આ કોર્ટના નિર્ણય પર આધાર રાખ્યો હતો, એ દરખાસ્ત માટે કે પ્રથમ સિદ્ધાંતની બાબત તરીકે કોર્ટ પાસે દંડ લાદવાના સંદર્ભમાં એવું ઠરાવીને કાયદાકીય આશયને, અર્થઘટનની પ્રક્રિયા દ્વારા, મર્યાદિત કરવા માટે કોઈ કારણ નથી કે વિવેકાધિકાર માત્ર દંડ લાદવા પૂરતો વિસ્તૃત રહેશે અને દંડની હદના સંદર્ભમાં નહીં. વિધાનમંડળ નિઃશંકપણે તેના સંપૂર્ણ અધિકારક્ષેત્રમાં દંડ ફરજિયાત છે કે કેમ તે નક્કી કરવા સત્તા ધરાવે છે. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે, તેથી, જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૭) ની જોગવાઈઓને કમિશનરની માત્ર ભવિષ્યલક્ષી રીતે નોંધણી રદ કરવાની સત્તાને મર્યાદિત કરતી હોય એવો અર્થ કાઢવો જોઈએ નહીં.

૧૧.૨ સ્ટેટ ઓફ ટી.એન. વિ. અરૂરન સુગર્સ લિમિટેડ, (૧૯૯૭) ૧ એસ.સી.સી. ૩૨૬ ના કેસમાં સુપ્રીમ કોર્ટના નિર્ણય પર પણ આધાર રાખવામાં આવ્યો હતો, જેમાં નીચે મુજબ ઠરાવવામાં આવ્યું છે:-

"૧૩. વિધાનમંડળ વિવિધ ડીમિંગ ક્લોઝ દ્વારા અને વૈધાનિક કાલ્પનિકતા દ્વારા કોર્ટને એવું માનવા માટે ફરજ પાડે છે કે ૧૯૭૪ ના એક્ટ ૭ દ્વારા દાખલ કરવામાં આવેલા સુધારા મુખ્ય અધિનિયમમાં ક્યારેય દાખલ કરવામાં આવ્યા ન હતા. વિધાનમંડળની કાયદામાં સુધારો કરવાની, કાઢી નાખવાની અથવા નાબૂદ કરવાની અથવા ભવિષ્યલક્ષી કે પૂર્વવર્તી રીતે કાયદો ઘડવાની સત્તા પર કોઈ પ્રશ્ન કે પડકાર થઈ શકે નહીં સિવાય કે કોર્ટનો એવો અભિપ્રાય હોય કે આવી કાર્યવાહી બંધારણના અનુચ્છેદ ૧૪ ના ભંગ સમાન છે. એ વાત પર ભાર મૂકવાની જરૂર નથી કે જ્યારે પણ કોઈ અધિનિયમ અથવા સુધારો પૂર્વવર્તી રીતે અમલમાં લાવવામાં આવે છે અથવા અધિનિયમની કોઈ જોગવાઈ પૂર્વવર્તી રીતે કાઢી નાખવામાં આવે છે, અથવા અધિનિયમની કોઈ જોગવાઈ પૂર્વવર્તી રીતે કાઢી નાખવામાં આવે છે, ત્યારે આ પ્રક્રિયામાં કેટલાક લોકોના અધિકારોને એક યા બીજી રીતે અસર થવાની જ છે. દરેક કિસ્સામાં, એવી અરજ કરી શકાતી નથી કે નવી જોગવાઈ દાખલ કરતી વખતે અથવા વર્તમાન જોગવાઈને પૂર્વવર્તી અસરથી કાઢી નાખતી વખતે વિધાનમંડળ દ્વારા

કરવામાં આવતી કાર્યવાહી સ્પષ્ટપણે બંધારણના અનુચ્છેદ ૧૪ ના ભંગ સમાન હશે. જો તે વલણ સ્વીકારવામાં આવે, તો તેનું આવશ્યક પરિણામ એ આવશે કે વિધાનમંડળ પાસે પૂર્વવર્તી રીતે કાયદો બનાવવાની કોઈ સત્તા નથી, કારણ કે તે ઘટનામાં નિહિત અધિકાર પ્રભાવિત થાય છે; અલબત્ત, વિશેષ પરિસ્થિતિમાં આ કોર્ટે ઠરાવ્યું છે કે આવી કાર્યવાહી બંધારણના અનુચ્છેદ ૧૪ ના ભંગ સમાન હતી. આ જોડાણમાં સ્ટેટ ઓફ ગુજરાત અને અન્ય વિ. રમણલાલ કેશવલાલ સોની અને અન્ય,, (૧૯૮૩) ૨ એસ.સી.આર. ૨૮૭; ટી. આર. કપૂર વિ. સ્ટેટ ઓફ હરિયાણા, ૧૯૮૬ (સપ્લી) એસ.સી.સી. ૫૮૪; અને યુનિયન ઓફ ઇન્ડિયા વિ. તુષાર રંજન મોહંતી, ૧૯૯૪(૫) એસ.સી.સી. ૪૫૦ ના કેસોનો સંદર્ભ આપી શકાય છે. સ્ટેટ ઓફ ગુજરાત વિ. રમણલાલ (ઉપર મુજબ) ના કેસમાં બંધારણીય બેન્ચે તે કેસની હકીકતો અને સંજોગો પર અવલોકન કર્યું:

"કાયદો શુદ્ધ અને સરળ, આત્મ—છેતરામણો છે, જો આપણે વિધાનમંડળ દ્વારા બનાવવામાં આવેલા કાયદાના સંદર્ભમાં આવી અભિવ્યક્તિનો ઉપયોગ કરી શકીએ. વિધાનમંડળ નિઃશંકપણે વર્તમાન કાયદા હેઠળ પ્રાપ્ત કરેલા કોઈપણ નિહિત અધિકારને છીનવી લેવા અથવા ક્ષતિ પહોંચાડવા માટે પૂર્વવર્તી અસર સાથે કાયદો ઘડવા માટે સક્ષમ છે પરંતુ કાયદા લેખિત બંધારણ હેઠળ

બનાવવામાં આવ્યા હોવાથી, અને બંધારણના નિયમોનું પાલન કરવાનું હોવાથી મૂળભૂત અધિકારોનું ઉલ્લંઘન કરે તેવા ન તો ભવિષ્યલક્ષી કે ન તો પૂર્વવર્તી કાયદા બનાવી શકાય છે. કાયદાએ આજે પક્ષકારોના પ્રાપ્ત કરેલા અધિકારોને ધ્યાનમાં રાખીને આજે બંધારણની આવશ્યકતાઓને સંતોષવી જોઈએ. કાયદો એવું કહી શકે નહીં કે, વીસ વર્ષ પહેલાં પક્ષકારોને કોઈ અધિકાર ન હતો, તેથી, જો કાયદાને વીસ વર્ષ પાછળ લઈ જવામાં આવે તો બંધારણની આવશ્યકતાઓ સંતોષવામાં આવશે. અમે આજના અધિકારો સાથે સંબંધિત છીએ અને ગઈકાલના નહીં. વિધાનમંડળ વીસ વર્ષ પહેલાં પ્રાપ્ત થયેલી પરિસ્થિતિના સંદર્ભમાં આજે કાયદો બનાવી શકે નહીં અને ઘટનાઓની કૂચ અને વીસ વર્ષ દરમિયાન પ્રાપ્ત થયેલા બંધારણીય અધિકારોને અવગણી શકે નહીં. તે અત્યંત મનસ્વી, ગેરવાજબી અને ઈતિહાસનો અસ્વીકાર હશે."

આ જ શબ્દોમાં આ કોર્ટે ટી.આર. કપૂર વિ. સ્ટેટ ઓફ હરિયાણા (ઉપર મુજબ) અને યુનિયન ઓફ ઈન્ડિયા વિ. તુષાર રંજન મોહંતી (ઉપર મુજબ) ના કેસોમાં સેવાની શરતો અંગે પૂર્વવર્તી રીતે બંધારણના અનુચ્છેદ ૩૦૯ હેઠળ ઘડવામાં આવેલા નિયમોમાં ફેરફારોના સંદર્ભમાં અભિપ્રાય વ્યક્ત કર્યો હતો.

૧૧.૩ વિદ્વાન આસિસ્ટન્ટ ગવર્નમેન્ટ પ્લીડરે કોર્ટના અવલોકન માટે પ્રથમ એપેલેટ ઓથોરિટીની અસલ ફાઈલ રજૂ કરી અને દર્શાવ્યું કે અપીલકર્તાના પેઢીઓ સાથેના વ્યવહારોની તમામ ઓનલાઈન વિગતોની પ્રિન્ટ આઉટ, બંને નોંધાયેલ તેમજ જેની નોંધણી રદ કરવામાં આવી હતી, તેના પર આધાર રાખવામાં આવ્યો હતો. જે પેઢીઓની નોંધણી રદ કરવામાં આવી ન હતી તેમની સાથેના વ્યવહારો દર્શાવતા નિવેદનનો સંદર્ભ આપવામાં આવ્યો હતો. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માટે કારણદર્શક નોટિસ જારી કરવામાં આવી હતી. અસલ હુકમ પસાર કરતી વખતે બે પક્ષકારો સાથેના વ્યવહારો શંકાસ્પદ સાબિત થયા હતા. એવું રજૂ કરવામાં આવ્યું હતું કે પ્રથમ એપેલેટ ઓથોરિટીનો હુકમ વ્યવહારોની ઓનલાઈન વિગતો પર આધારિત છે. એવું દર્શાવવામાં આવ્યું હતું કે ટ્રિબ્યુનલે, વાદગ્રસ્ત હુકમમાં, એ હદ સુધીનું તારણ નોંધ્યું છે કે અપીલકર્તાએ રદ કરનાર સત્તાધિકારી (કોમર્શિયલ ટેક્સ ઓફિસર) સમક્ષ પૂરતા પુરાવા રજૂ કર્યા ન હતા અને તેથી, રદ કરનાર સત્તાધિકારી દ્વારા લેવામાં આવેલ દષ્ટિકોણ સાચો હતો.

૧૧.૪ એવી અરજ કરવામાં આવી હતી કે એકંદર હકીકતોને ધ્યાનમાં લેતાં, પૂર્વવર્તી અસરથી નોંધણી રદ કરવાને પ્રથમ એપેલેટ ઓથોરિટી તેમજ ટ્રિબ્યુનલ દ્વારા યોગ્ય રીતે સમર્થન આપવામાં આવ્યું છે, અને ટ્રિબ્યુનલ દ્વારા

પસાર કરવામાં આવેલ વાદગ્રસ્ત હુકમ, ન્યાયી, કાયદેસર અને યોગ્ય હોવાથી, તેમાં દખલગીરીની જરૂર નથી.

૧૨. સામસામી રજૂઆતોના ગુણદોષ તરફ આગળ વધતા પહેલા, કેસની હકીકતોનો ઝડપથી સંદર્ભ લેવો સુસંગત હોઈ શકે છે. કેસનો રેકોર્ડ દર્શાવે છે કે જીવેટ નિયમોના નિયમ ૪૮ હેઠળ ફોર્મ ૪૦૧ માં અપીલકર્તાને તારીખ ૩.૭.૨૦૧૫ ની એક નોટિસ જારી કરવામાં આવી હતી જેમાં અપીલકર્તાને વર્ષ ૨૦૧૦–૧૧ અને ૨૦૧૧–૧૨ માટેના આકારણી કરાયેલ બાકી ટેક્સ લેણાં ચૂકવવા અને આઠ દિવસમાં તેની ચુકવણીનો પુરાવો આપતું ચલણ સબમિટ કરવા જણાવવામાં આવ્યું હતું. ઉપરોક્ત નોટિસ પછી તારીખ ૧૭.૧૨.૨૦૧૫ ની નોટિસ આપવામાં આવી હતી, જે નિયમોના નિયમ ૧૦ ના પેટા–નિયમ (૩) હેઠળ નિર્ધારિત ફોર્મ ૧૦૪ માં જીવેટ એક્ટની કલમ ૨૭ ની પેટા–કલમ (૫) હેઠળ જારી કરવામાં આવી હતી. સદર નોટિસના અવલોકન પરથી એવો સંકેત મળે છે કે કોમર્શિયલ ટેક્સ ઓફિસરે એવી માન્યતા બાંધી છે કે ૧૭.૧૧.૨૦૧૦ થી, ટેક્સની ચુકવણી ટાળવાના હેતુથી, અપીલકર્તાએ:

(સી) ૧.૪.૨૦૧૧ થી ૩૧.૩.૨૦૧૨ ના સમયગાળા માટે રૂ. ૧૧,૮૫,૪૬૫/– ના બાકી ટેક્સ/વ્યાજ/દંડ ચૂકવ્યા નથી;

(ડી) ૧૬.૧૧.૨૦૧૦ થી ૩૧.૩.૨૦૧૧ ના સમયગાળા માટે રૂ. ૭૪,૫૭૩/– ના ટેક્સ/વ્યાજ/દંડ ચૂકવ્યા નથી; અને

(કે) તે હિસાબી ચોપડા રજૂ કરવામાં નિષ્ફળ રહ્યો છે.

૧૩. ત્યારબાદ, કોમર્શિયલ ટેક્સ ઓફિસરે તારીખ ૧૨.૧.૨૦૧૬ ના રોજ અપીલકર્તાની નોંધણી રદ કરતો હુકમ પસાર કર્યો. તેમાં દર્શાવવામાં આવેલા કારણો એ છે કે વસૂલાતના સંદર્ભમાં ડીલરને ફોર્મ ૪૦૧ માં તારીખ ૪.૭.૨૦૧૫ ની નોટિસ અને ફોર્મ ૧૦૪ માં ૨૧.૧૨.૨૦૧૫ ની નોટિસ જારી કરવામાં આવી હતી. ચુકવણીનો પુરાવો ફાઇલ પર મૂકવામાં આવ્યો છે પરંતુ તેના સંબંધમાં ચલણો રજૂ કરવામાં આવ્યા નથી. તેમજ કોઈ રજૂઆતો કરવામાં આવી નથી. આ ઉપરાંત, ખરીદ અને વેચાણના વ્યવહારો શંકાસ્પદ હોવાથી, સરકારી મહેસૂલના હિતમાં, જે દિવસે નોંધણી મેળવવામાં આવી હતી તેના બીજા દિવસથી તે રદ કરવામાં આવે છે. આમ, કોમર્શિયલ ટેક્સ ઓફિસરે બે આધારો પર અપીલકર્તાની નોંધણી રદ કરી છે; પ્રથમ એ આધાર પર કે ટેક્સ/વ્યાજ/દંડની ચુકવણીના પુરાવા રજૂ કરવામાં આવ્યા ન હતા; અને બીજું, એ આધાર પર કે વેચાણ અને ખરીદીના વ્યવહારો શંકાસ્પદ હતા; અને તેથી, મહેસૂલના હિતમાં, નોંધણી રદ કરવી જરૂરી હતી.

૧૪. અપીલકર્તાએ પ્રથમ એપેલેટ ઓથોરિટી સમક્ષ અપીલમાં મેટર આગળ ધપાવી. પ્રથમ એપેલેટ ઓથોરિટી સમક્ષ, અપીલકર્તાએ અપીલના બે આધારો રજૂ કર્યા હતા: (૧) નોંધણી રદ કરવાનો હુકમ સ્પષ્ટ નથી અને બાકી વસૂલાત સંપૂર્ણપણે ચૂકવવામાં આવી હોવા છતાં, તે ધ્યાનમાં લેવામાં આવી ન

હતી, અને તેથી, નોંધણી પુનઃસ્થાપિત કરવી જરૂરી છે; અને (૨) વ્યવહારો શંકાસ્પદ છે એમ કહીને નોંધણી રદ કરવી તે અન્યાયી છે. હકીકતો પર, એવું દર્શાવવામાં આવ્યું કે ૨૦૧૦–૧૧ માટે કોઈ રકમ બાકી ન હતી અને ૨૦૧૧–૧૨ માટે ટેક્સ, વ્યાજ અથવા દંડ પેટે જે પણ રકમ બાકી હતી તે સંપૂર્ણપણે ચૂકવી દેવામાં આવી છે. આમ, બે વર્ષ સિવાયના સમયગાળા માટે કોઈ રકમ બાકી ન હતી અને આ અંગે કોમર્શિયલ ટેક્સ ઓફિસરને તારીખ ૬.૨.૨૦૧૬ નો એક સંદેશાવ્યવહાર સંબોધવામાં આવ્યો હતો. વધુમાં એવી દલીલ કરવામાં આવી હતી કે તારીખ ૧૨.૧.૨૦૧૬ ના હુકમ દ્વારા, નોંધણી રદ કરવામાં આવી છે, જેના સંદર્ભમાં જીવેટ એક્ટની કલમ ૨૭(૫) હેઠળ ૨૧.૧૨.૨૦૧૫ ના રોજ નોટિસ જારી કરવામાં આવી હતી. સત્તાધિકારીએ એવા પુરાવાના આધારે હુકમ પસાર કર્યો છે જે અપીલકર્તાને પૂરા પાડવા જોઈતા હતા, જેની ગેરહાજરીને કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ભંગ તરીકે ગણવી જરૂરી છે. રાજેન્દ્ર વાઇન્સ, ૫૮ વી.એસ.ટી. ૨૩૮ ના કેસમાં આપવામાં આવેલા નિર્ણય પર એ દરખાસ્ત માટે આધાર રાખવામાં આવ્યો હતો કે જો ડીલર સામેની કાર્યવાહીમાં વિભાગ દ્વારા જેના પર આધાર રાખવામાં આવ્યો હોય તેવા પુરાવાની નકલો ડીલરને પૂરી પાડવામાં આવતી નથી, તો તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોના ભંગ સમાન છે.

૧૫. એપેલેટ ઓથોરિટીએ, તારીખ ૩.૮.૨૦૧૬ ના હુકમમાં, સર્ચ કાર્યવાહીના રેકોર્ડ પર આધાર રાખ્યો છે અને વ્યવહારોની યાદીમાંથી મેળવેલી

